# જન્મદિને વધામણી



કુસુમબેન આર જોષી
મો. ૯૮૨૫૯ ૦૦૪૪૬૧



જયશ્રીબેન કમલેશભાઈ મેહરિયા
મો. ૯૪૨૭૫ ૨૫૯૫૯



જય રાજુલ ભટ્ટ
મો. ૯૦૩૩૮ ૬૨૬૫૪




ક્રિશી પ્રીતેશ જોષી
મો. ૮૧૫૬૦ ૨૦૫૭૮



હર્ષિલ ભગાભાઈ મેણા
મો. ૯૭૨૭૫ ૫૪૮૮૧

# શહેરના યુવાનો દ્વારા 'બ્લડી થિંગ્સ' નામની શૉર્ટ ફિલ્મનું નિર્માણ




ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના યુવા કલાકારો પાંખો પસારવા લાગ્યા છે ને એમની ઊડાન ઊંચે સુધી પહોંચવા માંડી છે એ બાબતનો વધુ એક પુરાવો ગાંધીનગરના યુવા કલાકારોએ આપ્યો છે. અભિનયના શોખીન એવા આ યુવાનોએ એક શૉર્ટ ફિલ્મનું નિર્માણ કર્યું છે અને આ ફિલ્મ યુટ્યુબ, ફેસબૂક પર દર્શકો મેળવી રહી છે. લાલચની ચુંગાલમાં ફસાઈને વ્યક્તિ ન કરવાનાં કામ કરી બેસે છે અને પછી એનાં ખરાબ પરિણામો પણ એને ભોગવવાં પડે છે એવી વાત આ શૉર્ટ ફિલ્મના માધ્યમથી યુવાનોએ કરી છે. ફિલ્મનું નામ છે 'બ્લડી થિંગ્સ' અને યુટ્યુબ પર સ્કાય વૉકર પ્રૉડક્શન દ્વારા રિલીઝ કરવામાં આવી છે.

નવાઝુદ્દીન સિદ્દીકી જ્યારે સ્ટાર નહોતો બન્યો ત્યારે - ૨૦૦૩માં તેણે એક શૉર્ટ ફિલ્મમાં અભિનય આપ્યો હતો. ફિલ્મનું નામ હતું 'બાયપાસ', જેમાં એકપણ ડાયલોગ નહોતો. ગાંધીનગરના યુવાનો દ્વારા તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મ 'બ્લડી થિંગ્સ' એ 'બાયપાસ'ની નકલ છે.

યુવાનોએ દોઢ વર્ષ પહેલાં આ ફિલ્મનું નિર્માણ કર્યું હતું, પરંતુ પરિસ્થિતિ એવી બની કે ફિલ્મ હવે તેઓ રિલીઝ કરી શક્યા છે.

મૌલિન મહેતા દિગ્દર્શિત આ ફિલ્મમાં મયુર અમીન, રાજન નિનામા, ધવલ ઠક્કર, નિરવ વૈદ્ય, મોહિત બત્રા, પ્રિતી પટેલ, વત્સલ મહેતા અને સોનલ પટેલે પોતાનો અભિનય આપ્યો છે. ફિલ્મનું ઍડિટિંગ નિરવ સોલંકી અને નિલેશ પરમાર દ્વારા કરવામાં આવ્યું છે. પ્રૉડક્શન ટીમની જવાબદારી યોગેશ રાઠોડે, સિનેમેટોગ્રાફી મૌલિન મહેતા-નિરવ વૈદ્યે સંભાળી છે.

# બિલોદરા હાઈસ્કૂલની બે ટીમ જિલ્લા જુડો સ્પર્ધામાં વિજેતા



ગાંધીનગર, તા. ૨૫

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા જિલ્લાકક્ષાની જુડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી પીપીઆર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના ૧૬ વિદ્યાર્થીઓ અને ૧૬ વિદ્યાર્થીનીઓએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું.

બહેનોની ટીમમાં પાર્વતી ઠાકોર, શિવાની ચાવડા, હિના ઠાકોર, અંકિતા વાઘેલા, કૌશલ ડાભી, ભગવતી મહિડા, વિધિ ચૌધરી, રૂપલબા વાઘેલા, શ્રદ્ધા વાઘેલા, દિશા બિહોલા, દિવ્યા રાઠોડ, દિવ્યા રામી, જાગૃતિ ચૌધરી, પ્રિયંકા વાઘેલા અને અર્પિતા વાઘેલા સામેલ હતાં.

ભાઈઓની ટીમમાં હાર્દિક પરમાર, મહાવીર વાઘેલા, કરણસિંહ વાઘેલા, પુષ્પરાજ વાઘેલા, મિતરાજ ચાવડા, કલ્પેશ રબારી, શિવદત્ત વાઘેલા, અજય બાબરિયા, સિદ્ધરાજ વાઘેલા, ધરમજીત વાઘેલા, વિશાલ વાઘેલા, રોહિત રાવળ, ધાર્મિક ગોસ્વામી, અજય વાઘેલા, પ્રકાશ ઠાકોર અને મિતરાજ વાઘેલા સામેલ હતા. આ સઘળા ખેલાડીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા, જેમને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્ય તેજસિંહ પરમારે સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ગાંધીનગરની વધુ એક સિદ્ધિ

# ગુજરાતી સાહિત્યને સમર્પિત નવતર વેબસાઈટનો આરંભ




## કુંતલ નિમાવત દ્વારા 'મારી ગુજરાતી' નામે સાહિત્યની વેબસાઈટ શરૂ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫

'કર્મચારીઓના નગર' તરીકેની પોતાની છાપને ભૂંસતાં ગાંધીનગર શહેરે અનેકવિધ ક્ષેત્રોમાં પોતાની નામના કરી છે અને હવે તેની નામનાના આ મુગટમાં વધુ એક પિંછાનો ઉમેરો થયો છે. નગરના પત્રકાર, નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા ગુજરાતી સાહિત્યને સમર્પિત એક નવી વેબસાઈટનો આરંભ ગાંધીનગરમાંથી કરવામાં આવ્યો છે. 'મારી ગુજરાતી ડૉટ કૉમ' નામની એ વેબસાઈટની સુંદર ડિઝાઈન ગાંધીનગરના જ બે યુવા વેબ ડેવલપર ઉત્પલ વાઘેલા અને આશિષ પરીખ (બિટાનેટ કન્સ્લ્ટન્સી) દ્વારા તૈયાર કરવામાં આવી છે.

આ વેબસાઈટમાં વાર્તા, કવિતા, લેખો, બાળસાહિત્ય જેવી બધા જ પ્રકારની ગુજરાતી કૃતિઓ સમાવવામાં આવી છે. દુનિયાભરમાંથી કોઈપણ વ્યક્તિ પોતાની ગુજરાતી સાહિત્યની કૃતિ આ વેબસાઈટ પર પ્રકાશિત કરાવી શકે તેમજ તેને દુનિયાભરના વાચકો વાંચી પણ શકે એવી વ્યવસ્થા આ વેબસાઈટના માધ્યમથી ઊભી થઈ છે. વળી, આ વેબસાઈટ પર માત્ર સાહિત્ય લખવા-વાંચવા માટેની જ સગવડ છે એવું નથી, ગુજરાતી ગીતો, સાહિત્ય કે કાવ્યપઠન સાંભળવાનો રસ હોય એવા શ્રવણસિકો પણ આ વેબસાઈટનો લાભ લઈ શકે છે. કારણ કે વેબસાઈટ ઉપર ગુજરાતી ગીતો, સાહિત્ય અને કાવ્યપઠનોની ઑડિયો ફાઈલ્સ પણ સમાવવામાં આવી છે. કાવ્યો, ગીતો, લેખ સહિતની અવનવી કૃતિઓ ઉપરાંત આ વેબસાઈટ પર ફ્રી બૂક્સ પણ ઉપલબ્ધ છે. પીડીઍફ ફૉર્મેટમાં મૂકવામાં આવેલી આ ફ્રી બૂક્સને વાચક ડાઉનલોડ કરીને વાંચી શકે છે. આ ઉપરાંત પુસ્તક ખરીદવા માટે બૂક સ્ટોર પણ આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

આટલી બધી વિવિધતાને કારણે 'મારી ગુજરાતી' વેબસાઈટને શરૂઆતથી જ સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે અને પચાસ જેટલી કૃતિઓથી આરંભ પામેલી આ વેબસાઈટમાં હવે કૃતિઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે. 'મારી ગુજરાતી' પર હાલ વરિષ્ટ સાહિત્યકાર અનંત ન વ્યાસ, ભરત કવિ 'ઊર્મિલ', પ્રવીણ ગઢવી, કનૈયાલાલ પંડ્યા, અનિલભાઈ ગઢવી ઉપરાંત સંજય થોરાત, અજય ઉપાધ્યાય, સપના વ્યાસ, યુવરાજ જાડેજા, શાલીન ગાંધી, પ્રકાશ જાડાવાલા, મુકેશ પંડ્યા, કલ્પિત આચાર્ય, પુર્વી શુક્લ, મનોજ ભાવસાર 'નિઃશેષ', શ્વેતલ ત્રિવેદી 'શબદ', કુંતલ નિમાવતની કૃતિઓ ઉપલબ્ધ છે અને દરરોજ નવા સર્જકો આ વેબસાઈટ માટે પોતાની કૃતિઓ મોકલી રહ્યા છે. ગાંધીનગર અને ગુજરાત બહારથી ગુજરાતી સાહિત્યની વિવિધ કૃતિઓ 'મારી ગુજરાતી'ને મળી રહી છે અને વેબસાઈટને પ્રોત્સાહક પ્રતિસાદ પણ પ્રાપ્ત થઈ રહ્યા છે. આગામી દિવસોમાં આ વેબસાઈટ ઉપર કાર્ટૂન એક ધારાવાહિક નવલકથા પણ શરૂ કરવાનું આયોજન છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કબાલી (હિન્દી)
૧૨.૩૦
મદારી
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-અંગ્રેજી)
૪.૦૦, ૧૦.૧૫
સ્ટાર ટ્રેક બિયોન્ડ (૩ડી-હિન્દી)
૧૧.૪૫, ૨.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
ઈશ્ક ક્લિગ
૧૨.૩૦
સુલતાન
૬.૩૦
કબાલી (તમિલ)
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૫**
કબાલી
૧૦.૦૦
મદારી
૧૨.૪૫
સુલતાન
૩.૧૫, ૯.૪૫

# તરણ સ્પર્ધામાં ઍસઍસવી કૅમ્પસ ઝળક્યું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા તાજેતરમાં તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લઈને શ્રી સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્વિમિંગમાં પ્રતીક કે ગઢવીએ દ્વિતિય ક્રમનું ઈનામ મેળવ્યું હતું. ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્વિમિંગમાં બ્રેસ્ટ સ્ટ્રોકમાં ભૃગુ વ્યાસે દ્વિતિય ક્રમનું ઈનામ મેળવ્યું હતું તથા ૫૦ મીટર ફ્રી સ્ટાઈલ બ્રેસ્ટ સ્ટ્રોકમાં તર્જની સોનીએ પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. આ વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરીને ઍસઍસવી પરિવારનું ગૌરવ વધાર્યું તે બદલ ટ્રસ્ટી ગણ અને આચાર્ય યોગેશભાઈ રાવલે તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# કારની જાળવણી માટે યત્નશીલ કારીગરોની માનવસેવા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જીઆઈડીસી, સૅક્ટર-૨૮માં કાર્યરત નંદા ઑટોમોબાઈલ્સ પોતાની મારૂતિ કારની સેલ્સ અને સર્વિસને કારણે ગાંધીનગરમાં જાણીતી છે. શનિવારે નંદા ઑટોમોબાઈલના કારીગરો દ્વારા ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના દર્દીઓ માટે બ્લડ ડૉનેશન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કૅમ્પનું ઉદ્‌ઘાટન માહિતી ખાતાના જોઈન્ટ ડિરેક્ટર પુલક ત્રિવેદી, ૫૩ વખત બ્લડ ડોનેટ કરનાર યુવાન અને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાત, નંદા ઑટોમોબાઈલ્સના સીઈઓ ભુવન દિવાન, મારૂતિ મૉટર્સના જૈનલ શાહ, વર્કશૉપના જનરલ મૅનેજર રણવીરસિંહ વાઘેલા, શાહનવાઝ શેખ અને ફિરોઝ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પગરવ હૉસ્પિટલે જનરલ બૉડી ચેક-અપ અને તલવલકર જીમે બૉડી ચેક-અપનો સહયોગ પૂરો પાડી દરેક રક્તદાતા અને અન્ય કર્મચારી-કારીગરોનું મફત ચેક-અપ કરી આપ્યું હતું. રક્તદાન શિબિરમાં ૩૦ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

આ રક્તદાન કૅમ્પ માટે રણવીરસિંહ વાઘેલા અને ફિરોઝ રાઠોડે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી કર્મચારીઓને રક્તદાન માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# મનમાં ધરબાયેલા વૈચારિક વિશ્વને વિસ્તારીએ




એક મિત્રએ તેના બાળપણના ગોઠિયા અને પરમ મિત્રને કહ્યું, 'હમણાં હમણાંથી તમે નવા વિચારો કે કોઈ આઈડિયા નથી લાવતા, બંધુ.' પેલા મિત્રએ કહ્યું, 'જવા દો ને યાર, હું જે કંઈ પણ વાત કરું છું તેને કોઈ સાચી દિશામાં સમજતું જ નથી.' આપણી વાત સામે કોઈ ધ્યાન જ દેતું નથી. મારી વાત શબ્દોના ગુબ્બારા માત્ર બનીને રહી જાય છે.'

એ મિત્રની અકળામણમાં વજૂદ છે અને ગંભીરતાપૂર્વક વિચાર માગી લે એવી વાત પણ છે. સામાન્ય રીતે જ્યારે પણ કોઈ નવી વાત-વિચાર આવે ત્યારે તેનો સહજ સ્વીકાર ન જ થાય. હું એક એવા મિત્રને ઓળખું છું કે જે હંમેશાં નવા ખ્યાલો-વિચારોને વહેતા કરવામાં માને છે. અને એ મિત્ર તેને આવતા નવતર ખ્યાલોને બેબાકપણે નિર્ભયતાથી રજૂ કરતાં કહે છે,

સિસ્ટમમાં સુધારાની વાત હોય કે સામાજિક ચેતનાની વાત હોય, આર્થિક મીમાંસાની વાત હોય કે શૈક્ષણિક સોપાનોની વાત હોય, કોઈપણ વિષય પરત્વે એમને સૂઝેલા નવતર 'કૉન્સેપ્ટ' એ મિત્ર બેબાક રીતે વહેતા મૂકે છે. પછી એની ચિંતા નથી કરતા કે કેટલા અંશે એ સ્વીકારાયા કે પછી ન સ્વીકારાયા... એની કોઈ નોંધ જ ન લેવાઈ વગેરે વગેરે. પણ એ મિત્રને બિરદાવવા જરૂર પડે કે એને આવતાં નવાં વિકાસોન્મુખ ખ્યાલોનો સંદેશ સમાજને આપતાં રહે છે. ગાંધીનગરના યુવાન ગઝલકરા ડૉ. મુકેશ જોષીની એક રચના યાદ આવી ગઈ -

કહેવાનું તો કહી દીધું અવતરણમાં, નથી હવે એ રહ્યું સ્મરણમાં. દરિયામાં જેને શોધી ના શક્યો, મળ્યું છે અહીં કૈંક એવું જ સ્મરણમાં.

આ આખી વાતના પાયામાં માણસની પોતાના મનની સીમારેખાને લાંઘીને કશુંક નવું અને સર્જનશીલ સત્ત્વ સમાજને, મિત્રોને, સંબંધીઓને આપવાની શુભ લાગણીના સંકેત છે. દરેકને જીવનમાં કશું સત્ત્વશીલ પ્રાપ્ત કરવું છે. અને એ સમાજમાં વહેતું પણ કરવું છે. સમાજ, પ્રદેશ અને આખી દુનિયા સત્ત્વશીલ વિચારો કરવાવાળાઓથી જ ભરેલી છે.

આ જગતમાં જે કોઈ 'અનિષ્ટ' છે એ વાસ્તવમાં 'ઈષ્ટ'ના વિચાર સાથે આગળ વધેલાઓની હારના પરિમામે સર્જાયેલી નકારાત્મકતા માત્ર છે. જ્યારે જ્યારે ઈષ્ટની વાતનો સ્વીકાર થાય ત્યારે ચોમેર પ્રકાશ જ હોય, હવામાં સુગંધ જ પ્રસરે અને કર્ણપ્રિય સંગીત જ રેલાય. પણ આપણે અનિષ્ટના તત્ત્વ-વિચાર અને વર્તનથી એવા તો ટેવાઈ ગયા છીએ કે અનિષ્ટ આપણી આદત બની જવા સુધી વિકસી ગઈ છે. આપણી મૂળ ઈષ્ટની પ્રકૃતિને સંકોચાવા ન દઈએ, દબાવા ન દઈએ, એને હૃદયમાં ખૂબ ફેલાવીએ અને મનના માંડવે સજાવીએ. એક બીજને પણ વિકાસ પામવા માટે જમીનના દાબમાં આવવું પડે. પાણી અને ખાતર નાખવું પડે અને પછી જ એ જમીનને ફાડીને બહાર આવે. મજાનો છોડ બને. એના ઉપર રંગબેરંગી સુગંધ રેલાવતાં પુષ્પ પાંગરે. પતંગિયાં અને ભમરા એ સુગંધનો સંદેશ લઈ આખા ગામમાં પમરાટ કરે.



જ્યારે જ્યારે નવો વિચાર આવે ત્યારે ત્રણ પડાવ પરથી પસાર થવું પડે. પહેલો પડાવ અપમાનનો. બીજો પડાવ વિરોધનો અને છેલ્લો - ત્રીજો પડાવ સ્વીકારનો. સામાન્ય રીતે ઘણાખરા લોકો અપમાનના પ્રથમ પડાવથી જ પાછા વળી જતા હોય છે. હા, આવા મિત્રોના માનસપટ ઉપર સતત અને અવિરત વૈચારિક ચેતનાનાં વમળો સર્જાતાં હોય છે. પરંતુ અપમાનના કડવા ઘૂંટડા નીચે ઉતારવાની એમની ક્ષમતાના અભાવના પરિણામે ઘણી બધી નવી દિશા અને ક્ષેત્રોના નવા ખ્યાલો ધરબાઈ જતા હોય છે.

અપમાનના પ્રથમ ચક્રવ્યૂહને ગમે તેમ સહનશક્તિથી ભેદીને જે મિત્રો આગળ વધે છે તેમને નવા વિચાર સામે સજ્જડ વિરોધનો સામનો કરવાનો વારો આવે છે. અને વિરોધ સાહજિક પણ છે. કારણ કે જ્યારે જ્યારે વ્યવસ્થા, પરિસ્થિતિમાં બદલાવની વાત આવે ત્યારે કોઠે પડી ગયેલી 'મોનોટોનસ' (પરંપરા) કાર્યપદ્ધતિને બદલવાનો વિચાર માત્ર વિરોધનું મૂળ હોય છે. અને આ એક અત્યંત સ્વાભાવિક પ્રક્રિયાનો ભાગ પણ છે. શા માટે વિરોધથી ડગી જવું ? વિરોધ થાય એટલે નવા ખ્યાલ-વિચારની યુવાવસ્થાએ મૃત્યુનો ડર લાગે. નકારાત્મકતા ઘેરી વળે અને વિચારનો ત્યાગ થાય. એક નવી નક્કોર કુંપળ અકાળે મુરઝાઈ જાય. વિરોધથી ડરવાવાળા મિત્રોની મજાની વિચારધારા અધવચ્ચે અટકી જાય. વિરોધના કડવા ઘુંટડાનો પડાવ ગળાની નીચે ઊતરે પછી સ્વીકારનો શ્રીકાર કરવો પડે.

સ્વીકારના સત્કાર માટે સદાય તૈયાર રહેવામાં નવી દિશા અને નૂતન માર્ગે પ્રસ્થાનની સાનુકૂળતા સર્જાય. સત્ય, પડકાર, ભૂલ અને ખામીઓના ચતુષ્કોણનો સ્વીકાર ન કરી શકાય ત્યારે કોઈપણ સંજોગોમાં આ ત્રીજો પડાવ પસાર ન કરી શકાય. ભૂલ, ખામી અને પડકારોના સત્ત્વના સત્યને સહર્ષ સ્વીકારી નવા વિચારના આયામો સર કરવા માટેનો અંતિમ અને આખરી અંતરાય પાર થયા પછી જ 'નવા વિચાર'નો વિજય છે.

સાચો વિજેતા જીમમાં નથી બનતો કે કોઈ પ્રયોગશાળામાં તૈયાર નથી થતો. પોતાના મનમાં ધરબાયેલી તીવ્ર ઈચ્છાશક્તિ અને લક્ષ્યનિર્ધારમ માટે અપાર સાહસ અને અખૂટ શૌર્ય સાથે વિજેતા ઘડાતો હોય છે. એથલિટની દસ વર્ષની મહેનતની સાથે એનું અખૂટ સાહસ-શૌર્ય મિશ્રિત અદ્‌ભૂત લક્ષ્યનિર્ધારણ દસ સૅકન્ડની વર્લ્ડ ચૅમ્પિયનશીપ ઈવેન્ટમાં વિશ્વવિજેતા પદ અપાવે છે.

નવતર વિચાર માટે અપમાન, વિરોધ અને સ્વીકારના પડાવને પાર કરવા પ્રબળ ઈચ્છાશક્તિ જોઈએ. અંતે વિજય તો આપણો જ છે. પણ શરત માત્ર એટલી કે કોઈપણ પડાવ ઉપર ગભરાઈને અટકી ન જઈએ. આપણી અંદર આકાર લેતું, વિકસતું મજાનું વૈચારિક વિશ્વ વધુ ને વધુ વિસ્તારીએ.... આપણે અને સૌ કોઈ વૈચારિક વિશ્વના સૌંદર્ય અને સુવાસને ઓળખીએ, જાણીએ અને માણીએ...

**ધબકાર**

તમે ત્યાં સુધી અસફળ નથી કે જ્યાં સુધી તમે કોશિષ કરવાનું છોડી નથી દેતા.

(આલ્બર્ટ આઈનસ્ટાઈન)

# જિલ્લાકક્ષાની કુસ્તી સ્પર્ધામાં પ્રતાપસિંહજી વિદ્યાલય ઝળકી

## વિદ્યાલયની વિજેતા ટીમ રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લાકક્ષાની શાળાકીય કુસ્તી સ્પર્ધા સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ સૅક્ટર-૧૫ ખાતે યોજવામાં આવી હતી, જેમાં અન્ડર-૧૭ વિભાગમાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સૅક્ટર-૩૦ના ધોરણ-૧૦ના વિદ્યાર્થી સોનુ પ્રહલાદસિંહ યાદવે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વિદ્યાર્થી રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાની ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

ઉલ્લેખનીય છે કે આ શાળાની ટીમે શાળાકીય રમતોત્સવમાં ગુજરાત રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષથી સતત વિજેતા બનવાનું સન્માન પ્રાપ્ત કર્યું છે.

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના ટ્રસ્ટી અર્જુનસિંહ અને શોભનાબા વાઘેલા, આચાર્ય યુવરાજ વાઘેલા, રોટરી ક્લબ ઓફ કેપિટલના પ્રમુખ અરવિંદ રાણા અને શાળાના ડિમ્પલ રાજપૂતે વિજેતા ખેલાડીને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.